TIMES OF INDIA, Vadodara, 20.6.2025
Page No. 3, Size:(5.75)cms X (10.28)cms.

# Vishwamitri cleared for monsoon flow

TIMES NEWS NETWORK

**Vadodara**: With the monsoon approaching, the National High Speed Rail Corporation Ltd (NHSRCL) has begun removing temporary obstructions from the Vishwamitri river to ensure unimpeded water flow in areas affected by the Ahmedabad-Mumbai Bullet Train project.

The Vadodara Municipal Corporation (VMC) and a Gujarat State Human Rights Commission (GSHRC)-appointed expert committee had raised concerns about blockages in the river and stormwater channels due to ongoing infrastructure work by NHSRCL and the National Highways Authority of India (NHAI). In response, officials from both agencies assured that all obstructions would be cleared before the onset of heavy rains.

According to NHSRCL, the bullet train alignment intersects or runs alongside the Vishwamitri river at nine locations in and around Vadodara. The pier design adopted — circular in shape and spanning approximately 1.7km with 46 piers — has been engineered to allow unrestricted river flow, with pier diameters ranging from 4 to 5 metres, posing no hydrological obstruction. To prepare for the rains, NHSRCL reported that all construction debris, temporary crossings, and approach structures near the river have been removed.

TOI



There are nine Bullet train sites along and in the Vishwamitri

The agency has also implemented daily monitoring of water levels and flow rates during the peak monsoon season in major rivers. Additionally, NHSRCL highlighted its Crocodile Management and Conservation Plan, acknowledging the Vishwamitri's ecological significance as a natural crocodile habitat.

The plan includes protective fencing and barricades to restrict crocodile movement into sensitive zones.

RAJASTHAN PATRIKA, Surat, 20.6.2025
Page No. 4, Size:(17.66)cms X (5.94)cms.

**बुलेट ट्रेन** | विश्वामित्री की जटिल प्रकृति को ध्यान में रखकर तैयार किया हाई स्पीड कॉरिडोर का डिजाइन

# विश्वामित्री नदी पर खास इंतजाम, बारिश में भी चलता रहेगा कार्य

**पत्रिका न्यूज़ नेटवर्क**
patrika.com

**सूरत.** मुंबई-अहमदाबाद हाई स्पीड रेल कॉरिडोर परियोजना अब मानसून में भी बिना किसी रुकावट के आगे बढ़ सकेगी। खासकर सूरत और वडोदरा सेक्शन के वडोदरा में जहां बुलेट ट्रेन का एलाइनमेंट विश्वामित्री नदी को 9 स्थानों पर पार करता है, वहां रेलवे ने हर जरूरी सावधानी और वैज्ञानिक तैयारी पूरी की है।

विश्वामित्री नदी गर्मियों में जितनी शांत नजर आती है, मानसून में उतनी ही विकराल हो जाती है। इसकी चौड़ाई आमतौर पर 50 से 80 मीटर होती है, लेकिन बारिश के मौसम में कुछ स्थानों पर यह 100 मीटर से भी ज्यादा बढ़ जाती है। नदी के इसी व्यवहार को ध्यान में रखते हुए लगभग 1.7 किलोमीटर लंबे हिस्से में 46 पियर्स गोल आकार में तैयार किए गए हैं। प्रत्येक पियर का व्यास 4 से 5 मीटर के बीच रखा गया है, ताकि तेज बहाव के वक्त भी पानी का प्रवाह बाधित न हो। विश्वामित्री नदी में सुचारु प्रवाह सुनिश्चित करने के लिए किसी भी अवरोध को रोकने के लिए नदी के अंदर और आसपास से सभी मलबे और निर्माण सामग्री को पूरी तरह से हटा दिया गया है। तैयारी को बढ़ाने और प्रभावी प्रतिक्रिया सुनिश्चित करने के लिए साइट इंजीनियरों, पर्यवेक्षकों और श्रमिकों के लिए जागरुकता और प्रशिक्षण सत्र आयोजित किए गए हैं। नदी के जलस्तर और प्रवाह की रोज निगरानी की जा रही है, ताकि समय रहते कदम उठाए जा सकें। बारिश के दौरान जल बहाव में कोई रुकावट न हो, इसके लिए नदी में बनाए गए अस्थायी क्रॉसिंग और पहुंच मार्गों को पूरी तरह से हटा लिया गया है।



## क्रोकोडाइल मैनेजमेंट प्लान

**वडोदरा** के आसपास मगरमच्छों की मौजूदगी को ध्यान में रखते हुए विशेषज्ञों की सलाह पर एक क्रोकोडाइल मैनेजमेंट प्लान भी बनाया गया है। साइट स्थानों पर आपातकालीन संपर्क नंबरों के साथ स्पष्ट और परावर्तक संकेत लगाए गए हैं। आवास क्षेत्रों में मगरमच्छों के प्रवेश को प्रतिबंधित करने के लिए विभिन्न स्थानों पर सुरक्षात्मक वायर फेंसिंग और बैरिकेडिंग लगाई गई है। वहीं, एनएचएसआरसीएल की टीम ने स्थानीय प्रशासन के साथ मिलकर एक ऐसी रणनीति बनाई है, जिससे तेज बारिश के दौरान भी वडोदरा में बुलेट ट्रेन प्रोजेक्ट का काम निर्बाध रूप से चलता रहेगा।

SANDESH, Ahmedabad, 20.6.2025
Page No. 4, Size:(6.73)cms X (9.14)cms.

**Bullet Train: 46 pillars erected on Vishwamitri River!**

### નદીના જળસ્તરનું રોજ નિરીક્ષણ કરાશે

# બુલેટ ટ્રેન: વિશ્વામિત્રી નદી પર ૪૬ થાંભલા નંખાયા !

## નદીમાં મગરોને લઈને વાયર ફેન્સિંગ લગાવાયા

। અમદાવાદ ।

વડોદરામાં ચોમાસામાં વિશ્વામિત્રી નદી ગાંડીતૂર બનતી હોય છે. મગરોનું પણ જોખમ રહે છે, નદીનો ઘેરાવો ૧૦૦ મીટર સુધી વધતો હોય છે તેવામાં બુલેટ ટ્રેનનું કાર્ય ચોમાસામાં પણ ચાલુ રાખી શકાય તે માટેનું આયોજન કરાયું છે. અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનની લાઈનદોરી વિશ્વામિત્રી નદીને ૯ સ્થળે ઓળંગે છે. નદીમાં આશરે ૧.૭ કિ.મી. લાંબા માર્ગ માટે બુલેટ ટ્રેનનાં ૪૬ થાંભલા નાંખવામાં આવ્યા છે.

થાંભલાનો વ્યાસ ૫ મીટર સુધીનો છે. પાણી ન અવરોધાય , જળપ્રવાહ સરળ બની રહે તે માટે નદી અને તેની આસપાસથી કચરો અને બાંધકામની સામગ્રી દુર કરી દેવાઈ છે. સાઈટના ઈજનેરો, સુપરવાઈઝરોને ખાસ સુચનાઓ અપાઈ છે. સિઝનમાં નદીના જળસ્તર અને પ્રવાહનું દૈનિક ધોરણે નિરિક્ષણ કરાશે. નદી પાસેના માર્ગો અને એપ્રોચ રોડ દુર કરાયા છે. નદીમાં મગરોના વસવાટને ધ્યાને લઈને તે અંગેના સાઈનબોર્ડ લગાવાયા છે. વિવિધ બિંદુઓ પર મગરોના પ્રવેશને રોકવા સુરક્ષાત્મક વાયર ફેન્સિંગ અને બેરિકેડિંગ કરવામાં આવ્યા છે.

GUJARAT SAMACHAR, Vadodara, 20.6.2025
Page No. 2, Size:(13.59)cms X (20.07)cms.

## 46 pillars erected for bullet train track crossing Vishwamitri



બુલેટ ટ્રેનના પિલર : વડોદરામાં વિશ્વામિત્રી નદી પરથી બુલેટ ટ્રેનના ટ્રેક પસાર કરવા માટે ગોળાકાર ૪૬ પિલર ઊભા કરાયા છે. વિશ્વામિત્રીના પાણીનો પ્રવાહ ન અવરોધાય તેને ધ્યાનમાં રાખી પિલર ગોળાકાર બનાવ્યા છે.

# વિશ્વામિત્રી ક્રોસ કરતા બુલેટ ટ્રેનના ટ્રેક માટે ૪૬ પિલર ઊભા કરાયા

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,ગુરૂવાર

મુંબઈ અને અમદાવાદ વચ્ચેના બુલેટ ટ્રેનનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. વડોદરામાંથી પસાર થતો બુલેટ ટ્રેનનો ટ્રેક વિશ્વામિત્રી નદીને ઓળંગે છે. ચોમાસાને ધ્યાનમાં વિશ્વામિત્રીના પાણીના વહેણ આડે કોઈ અવરોધ ન આવે તેને ધ્યાને રાખી પિલરની કામગીરી કરી છે.

## ચોમાસામાં નદીનું વહેણ અવરોધાય નહીં તે માટે પિલર ગોળાકાર બનાવાયા છે

નેશનલ હાઈ-સ્પીડ રેલ કોર્પોરેશન કહેવા મુજબ ટ્રેક વિશ્વામિત્રી નદીના ૯ સ્થળોએ ઓળંગે છે. જે ૫૦થી ૮૦મીટર પહોળાઈ ધરાવે છે. સામાન્ય દિવસોમાં વિશ્વામિત્રી નદીનો જળ પ્રવાહ ૧૦ થી ૨૦ મીટર પહોળાઈ ધરાવે છે. પરંતુ ચોમાસામાં નદીમાં બંને તરફ તટની ઊંચાઈ ઓછી હોવાથી કેટલાક સ્થળોએ નદીની ૧૦૦ મીટરથી પણ વધુ પહોળાઈ થાય છે. નદીની આશરે ૧.૭ કિલોમીટરની લંબાઈમાં ૪ થી ૫ મીટર સુધીનો વ્યાસ ધરાવતા ગોળાકારના ૪૬ પિલર બનાવવામાં આવ્યા છે. ગોળાકાર પિલર રાખવાથી પાણીનો પ્રવાહ અવરોધાતો નથી. પ્રવાહ સરળ રહે તે માટે નદી અને તેની આસપાસથી તમામ કચરો, કાટમાળ અને બાંધકામ સહિતનો સામાન હટાવી લીધો છે. ચોમાસા દરમિયાન નદીની જળ સપાટીની પણ દેખરેખ રખાશે. નદીના તમામ સ્થળોએથી માર્ગો/એપ્રોચ રોડ દૂર કરવામાં આવ્યા છે. મગરોના વસવાટને ધ્યાનમાં રાખીને ઈમરજન્સી સંપર્ક નંબરો સાથેના સાઈનબોર્ડ લગાવવામાં આવ્યા છે. કેટલાક સ્થળોએ મગરોના પ્રવેશને રોકવા ફેન્સિંગ અને બેરિકેડિંગ કરવામાં આવી છે.

DIVYA BHASKAR, Vadodara, 20.6.2025
Page No. 2, Size:(11.30)cms X (5.99)cms.

**Bullet train crosses Vishwamitri at 9 places, approach roads removed to prevent water blockage**

**પૂર પૂર્વે પાળ** • હ્યુમન રાઈટ કમિશને નિમેલી કમિટીના રિપોર્ટ બાદ હાઈસ્પીડ રેલ કોર્પોરેશને રિપોર્ટ મીડિયા સામે મૂક્યો

# બુલેટ ટ્રેન વિશ્વામિત્રીને 9 સ્થળે ઓળંગે છે, પાણી ન અવરોધાય તેના માટે એપ્રોચ રોડ હટાવી દેવાયા

## હાઈસ્પીડ રેલ કોર્પોરેશનનો દાવો, 46 થાંભલા ગોળ છે, પાણી નહીં અવરોધાય

ઈન્ફ્રા રિપોર્ટર | વડોદરા

શહેર-જિલ્લામાંથી પસાર થતી બુલેટ ટ્રેનના પિલર અને એપ્રોચ રોડ વિશ્વામિત્રી નદીને અવરોધતા હોવાના તજજ્ઞોના રિપોર્ટ વચ્ચે નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશને નદીને 9 સ્થળે ઓળંગતી બુલેટ ટ્રેનના તમામ એપ્રોચ રોડના દબાણો દૂર કર્યાની જાહેરાત કરી છે.

હ્યુમન રાઈટ કમિશને નિમેલી કમિટીએ આપેલા રિપોર્ટ બાદ હાઈસ્પીડ રેલ કોર્પોરેશને જાહેરાતમાં જણાવ્યું કે, મુંબઈ અમદાવાદ બુલેટ ટ્રેન વડોદરા અને તેની આસપાસ વિશ્વામિત્રી નદીને 9 સ્થળોએ ઓળંગે છે. જ્યાં પાણીના પ્રવાહની સામાન્ય પહોળાઈ 50થી 80 મીટર છે. ચોમાસામાં બંને તરફ તટની ઓછી ઊંચાઈથી કેટલીક જગ્યાએ નદી 100 મીટરથી વધુ પહોળી થાય છે. બુલેટ ટ્રેન દ્વારા વિશ્વામિત્રી નદીના 1.7 કિલોમીટર લાંબા માર્ગ માટે 4થી 5 મીટરના વ્યાસના 46 થાંભલા ગોળાકાર બનાવ્યા છે. જે નદીને અવરોધતાં નથી. નદી આસપાસનો કચરો-બાંધકામ સામગ્રી દૂર કરાઈ છે. ચોમાસામાં વિશ્વામિત્રીના જળ પ્રવાહ અવરોધાય નહીં તે માટે એપ્રોચ રોડના દબાણો દૂર કર્યા છે. પ્રવાહ માટે અધિકારીઓ દેખરેખ કરશે. જોકે રેલ કોર્પોરેશને રિપોર્ટ હ્યુમન રાઈટ કમિટીને આપવાની જગ્યાએ મીડિયા સમક્ષ મુકતા ચર્ચા ઉઠી હતી.



### પિલર નદીના પાણીને અવરોધ ઉભો કરતા હોવાનો રિપોર્ટ હતો

- **હ્યુમન રાઈટ કમિશન નિમેલી કમિટીએ વિશ્વામિત્રી નદીમાં બુલેટ ટ્રેનના પિલર પાણીના પ્રવાહને અવરોધતા હોવાનો રિપોર્ટ સબમીટ કર્યો હતો.**
- કમિટી દ્વારા બુલેટ ટ્રેનના અધિકારીઓને અવરોધ ઊભા કરતા એપ્રોચ રોડને હટાવવા કહ્યું હતું અને એક્શન પ્લાન માંગ્યો હતો.
- **નદીમાં એક કરતાં વધારે પીલર છે તો તેનાથી પાણીના વહેણને શુ અસર થશે? તેનો એક્શન પ્લાન મુકવા કહ્યું હતું.**
- પીલરના અવરોધની અસર ઓછી થાય તેના માટે બુલેટ ટ્રેન કયા પગલાં લેશે તેની માહિતી રજૂ કરવા કહ્યું હતું.

## પૂર બાદ પાલિકામાં મળેલી બેઠકમાં કમિટીએ બુલેટ ટ્રેનના અધિકારીઓ પાસે પાણીના અવરોધ અંગે રિપોર્ટ માંગ્યો હતો

શહેરમાં આવેલા પૂર બાદ બુલેટ ટ્રેનના પિલરના કામ વખતે મુકેલી પ્લેટના કારણે નદીનું પાણી અવરોધાયું હોવાની ફરિયાદો ઉઠી હતી. જે તે સમયે બુલેટ ટ્રેનના અધિકારીઓએ સ્થાયી સમિતિ ચેરમેન ડો. શીતલ મિસ્ત્રી સાથે બેઠક કરી તેમના પ્રોજેક્ટના કારણે નદીમાં અવરોધ ઊભો થયો હોવાની વાત નકારી હતી. જોકે હ્યુમન રાઈટ કમિશને નિમેલી કમિટીએ પાલિકામાં 2 બેઠક કરી સ્થળ વિઝીટ કર્યા બાદ બુલેટ ટ્રેનના પિલર વિશ્વામિત્રીના પાણીને અવરોધે છે તેવો રિપોર્ટ માંગ્યો હતો.

**ભાસ્કર ઈનસાઈડ**

## પીલર માટે નખાયેલી લોખંડની પ્લેટ બાબતે લોકોએ રજૂઆત કરી હતી



તા.26 જુલાઈ 2024ના રોજ ભાસ્કરે આ બાબતે અહેવાલ પ્રસિધ્ધ કર્યો હતો.

ઈન્ફ્રા રિપોર્ટર | વડોદરા

શહેરમાં ગત વર્ષે ત્રણ વખત પૂર આવ્યું હતું. જેમાં 25 જુલાઈએ 14 ઈંચ વરસાદથી વિશ્વામિત્રીમાં પાણી ઠલવાયા હતા. જોકે અકોટા નજીક નદીમાં બુલેટ ટ્રેનના ગડર માટે લોખંડની પ્લેટો નાખી એપ્રોચ રોડ બનાવાયો હતો. તેના કારણે પાણી અવરોધાયુ હોવાની સ્થાનિકોએ ફરિયાદ કરી હતી. પીલર માટે બનાવેલા એપ્રોચ રોડના કારણે અકોટા સહિત વિસ્તારમાં પાણી ભરાયું હતું. આ અંગે તંત્રનું ધ્યાન દોરવામાં આવ્યું હોવા છતાં કોઈ કાર્યવાહી કરાઈ ન હતી. જેની અસર એક મહિના બાદ 27મીએ ફરી પૂરની સ્થિતિનું નિર્માણ થયું હતું. પૂર પૂર્વે તત્કાલીન મ્યુનિ. કમિશનર અને સ્થાયી સમિતિના ચેરમેને સ્થળ મુલાકાત કરી હતી. જોકે ત્યારબાદ પણ કોઈ કાર્યવાહી થઈ ન હતી.